# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14

જા.નં. 675-714/ગૂવિ/રજી/ખાનગી/કે-1(2)/2015-16

તા.19/02/2016.

વિષયઃ- વાર્ષિક ખાનગી અહેવાલ લખીને મોકલી આપવા બાબત

**-:પરિપત્ર :-**

વિદ્યાપીઠના જાહેરનામા ક્રમાંકઃ545-77/ગૂવિ/રજી/ખાનગી/કે-1/2011-12 તા.23/03/2012 સાથે વાર્ષિક ખાનગી અહેવાલ લખવા અંગેની માર્ગદર્શિકા તમામ વિભાગો/કેન્દ્રો/કચેરીઓને મોકલી આપવામાં આવેલ હતી. આ મુજબ આપણા **સેવક-સેવિકાઓના વાર્ષિક અહેવાલો તા.01/04/2015 થી 31/03/2016 સુધીના ભરવાના થાય છે દરેક કચેરી/વિભાગ/કેન્દ્રને જે તે સંવર્ગના ખાનગી** અહેવાલના ફોર્મ મોકલી આપવામાં આવેલ હતા. વિદ્યાપીઠની માર્ગદર્શિકાની કલમ-3.5 મુજબ અહેવાલ લખનાર અધિકારીએ 20મી એપ્રિલ સુધીમાં અહેવાલ લખીને સમીક્ષક અધિકારીને મોકલી આપવાના રહે છે અને સમીક્ષક અધિકારીએ તે અહેવાલોની સમીક્ષા તા.31મી મે સુધી કરીને આ અહેવાલો જાળવણી કરનાર અધિકારી (કુલસચિવ) ને મોકલી આપવાના રહે છે. તમામ વિભાગો/કચેરી/કેન્દ્રોએ તેમના <u>ખાનગી અહેવાલો ફોરવર્ડીંગ પત્ર અને લીસ્ટ સાથે મોકલી આપવાના</u> રહેશે.

વિદ્યાપીઠની પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કુમાર/કન્યા શાળાઓએ ગુજરાત સરકાર તરફથી ખાનગી અહેવાલનું જે ફોર્મ નક્કી કરેલ છે તે મુજબ ભરીને મોકલી આપવાના રહેશે. વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાનકેન્દ્રોએ આઈ.સી.એ.આર. દ્વારા નક્કી કરેલા ફોર્મમાં આવા અહેવાલો ભરવાના રહેશે.

વિદ્યાપીઠના જાહેરનામા ક્રમાંકઃ61-70/ગૂવિ/રજી/ખાનગી/કે-1(2)2014 તા.09/05/2014થી પરિપત્રિત કરેલ ફોર્મ મુજબ ભરવાના થાય છે જેની નોંધ લેશો.

ખાનગી અહેવાલ લખતાં કે ભરતી વખતે વિદ્યાપીઠની માર્ગદર્શિકા અચૂક ધ્યાને લેવાની છે.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

<u>નકલ રવાનાઃ-</u>

વિદ્યાપીઠના તમામ વિભાગો/કચેરીઓ કેન્દ્રો તરફ અમલ થવા સારું.